શ્રી

અંબીકાવિજય.

છપાવનાર

જગજીવન તથા કેશવલાલ

કીંમત ૦-૨-૦

શ્રી અંબાજી સત છે.

श्री अंबीकाविजय गायन संग्रह,

भाग १ लो.

રચનાર

જગજીવન માણેકલાલ અગરવાલા

છપાવી પ્રસીદ્ધ કરનાર

ઘાંચી કેશવલાલ મગનલાલ.

અમદાવાદ.

આવૃતિ પહેલી   પ્રત ૨૦૦૦

ધી ચંદ્રપ્રકાશ પ્રેસ—અમદાવાદ-ઘીકાંટા.

સંવત ૧૯૫૯   સને ૧૯૦૩

કીંમત ૦-૨-૦

વીનંતી પત્ર.

મારા પ્રીય વાંચકોને વીનંતી કરવામાં આવે છે કે મે મારી અલ્પ મતી પ્રમાણે આ એક આદ્ય શક્તિ અંબીકા માતાજીના ગુણોથી ભરપુર ગાયનોનું લઘુ પુસ્તક બનાવ્યું છે તેમાં હું કાંઇ પીંગળ વ્યાકરણ કે રાગ રાગણી કાંઇપણ જાણતો નથી પણ મેં મારી બાળક બુદ્ધી પ્રમાણે આ પુસ્તક બનાવ્યું છે તેમાં કાંઇપણ ભુલચુક હોય તે સુધારી વાંચશો. એજ વિનંતી.

લી. શુભેછક

જગજીવન માણેકલાલ અગરવાલા.

અંબાજી ગાયન સંગ્રહ.

ગાયન. ૧ રાગ. નમુ પદ ગીરજાપતીને.

નમો અંબામા આરાસુરીને
સુરાને સુરાતન આપી, કાપો દુઃખ દુખીના;
કરો સાઅ, નમુ પાઅ, આવ્યા શરણે હમે. નમો.
હમે અલ્પમતીના બાળ, નીત જપીએ તારી માળ;
આરાધન કરીએ અંબામા, પુરો મનની આસ.
જાણીદાસ, રાખોપાસ, આવ્યા શરણે હમે. નમો.

ગાયન ૨ રાગ. શ્રી જગતપતી.

જય અંબાસતી
ગણું ભક્ત કે અતી
જીભથી સરવે વીનવે, એવી આપો શુભ મતી;
મોટા દરબાર શોભે ત્હારો, આરાસુર મોઝાર.
નમીએ હેત કરીને માજી, ઉતારો ભવપાર. જય.

મારે મહેર કરીને માજી, ઉગારો સાક્ષાત;
શુક ભગતો જેમ ઉગાર્યા તેમ ઉગારો માત. જય.
કહે કરજોડી ભગતો માજી, ગુણ તમારા ગાય;
લાડ કરીને ગાએ તેતો, પાપી પાવન થાય. જય.
લડ્યા રાક્ષસોની સંગમાં, મા૦ માર્યા પાપીને ઠાર;
અજબ ચમતકાર તારો દીસે, સેવકની કર વાર. જય.
ગણુકદાસો આવી માડી, ગુણ તમારા ગાય;
રગતા સૌ આરાસુર આવી, મહેર કરો મંગાય. જય.
વાગે ઘંટ ને નોબત માની, આરતી થાએ તેજકાર;
લાડથી જગજીવંન કહે છે, ચીમન ઉતારો પાર. જય.

ગાયન. ૩ રાગ. વારીવારી સું સોભે છે વોરો.

વારે વારે શું શોભે છે માજી, ભગતો જોઈને થાએ છે રાજી;
માને છત્રજ રહ્યું છેરે છાજી, માના સેવકો કહે હાજી હાજી.
માનુ સ્વરૂપ જોઇ થાય રાજી, માને સીખર રહ્યું છે ગાજી. વારેવારે.

સાખી.

શુભ ચાહનારા ભગતનું, માત વિના નવ કોય;
વંશ વધારો ભગતના, દીર્ઘ આયુસ હોય.
આપ તુ આસીસ, સુખડા પાર્મીસ, દુખડાવામીસ માત. વારેવારે.
ધનધન સર્વે સેવકો, વીણ સ્વારથ તમપેર;
સ્વારથ સૌ સંસારમાં. નહી માજીને ઘેર.
સાચી સાચી પ્રીત, ચોટી સૌને ચીત, શરણ કરો માની જાત. વારેવારે

૪ રાગ. હાય આવ્યું સીમંત શીદ મારૂં. હાય માંતા(૨)

ભગતો ભજો ભાવેથી માંડી, બોલો અંબે (૨)
ગાઓ સરવે મળી દાડી દાડી, બોલો અંબે (૨)
એ માજીનો ચમતકાર, એ માજી ઉતારસે પાર. બોલો અંબે.
અંબા માડી એજ છે, માજીનો દરબાર તેજ છે;
કરજોડી સેવકજન કહે છે, માજી એનાએજ છે. બોલો અંબે.

ગાયન. ૫ રાગ ઉજેણી રંડાણી.

ભગતો સૌ મળીને બોલો જય જય,
સેવક સૌ મળીને ચાલો, આરાસુર મોજાર;
આરાસુરમાં અંબા બીરાજે, એ માનો મોટો ચમતકાર.
જય, જય, જય, જય, મોટો છે દરબાર. ભગતો.

ગાયન ૬ રાગ મનમોહનજી મારા

માડી અંબાજી મારા લાગો અતી રૂપાળા
જોઇ ભુલી ગયો મુજ ભાન, દયાળી માડી ભુલી ગયો મુજ ભાન.
ચોટયું હૈયે તમારૂરે નામ. માંડો અંબાજી

સાખી.

માન સરોવર સોભતું, સોભા અપરંમપાર;
નાહી ધોઇ પાવન થાઓ, નીરમળ જળ મોજાર.
(મા મા પારે તારી આવવુંજ પડસે)
(નાના હું આવીશજ)
(આજ્ઞા વીના કેમ ચાલશે) માડી અંબાજી.

ગાયન ૭ રાગ મુને સાહાય કરશો મારાશીરે

અંબા વારે ચડોને હમારીરે, દીન દાસો કહે છે પોકારી;
હૈતો સંહારી સદા સુખકારી, મા સેવા કરે શા તમારી. અંબા.
અણીક ભગતોને પડછો બતાવી મા, લીધા છે એને ઉગારી
સેવકજનની લાજ રાખો છો, આસા પુરોને હમારી. અંબા.

ગાયન. ૮ રાગ. પરમાર કુળ કલંક રહે દુર દુર દુર

માજી આજ કાપો મારા દુઃખ દુઃખ, દુઃખ
મેહેર કરી આપો માજી સુખ સુખ સુખ;
ચાંચર ચોક જેવો નથી ચોક ચોક ચોક,
માજી દરબાર જેવો નથી નોક નોક નોક.
આરાસુરી અંબાગાતી જેએ જેએ જેએ,
દેરા પર સોનાનું શીખર છેએ છેએ છેએ.

ગાયન. ૯ રાગ ગીતી.

આરાસુરી અંબામા, હેતકરી હુ પાએ તો લાગું;
દીન બાળ હું તારો, ફરી દરસન પ્રેમ થકી માગુ.
જગત જનેતા માડી, મેર કરીને સુખ મુજને આપો;
કરગરીને હુ કહું છુ, અરજ સ્વીકારી દુઃખ મારા કાપો

ગાયન ૧૦ રાગ અરે આ અબળાનો પોકાર

અરે આ અરજ તમારા, સેવકની મા ઉર ધરોરે;
કરશું વીનતી વારંવાર, માજી વારે સંડોરે.
દુખીઆરા આ દાસ તમારા રોજ.........................રડે
આવીચળ માજી નામ તમારૂ નીત.........................ભજે
કર કરૂણા જગમાત (૨) અરે આ.

અંબા સતી, બ્રહ્માવતી, તારી ગતી, હીશે અતી;
ભજ્યા ભજન તારા અતી, બુધ આપો હેવી છો સતી.
ઘડી સુખ ને ઘડી દુઃખ હેવી, આ જગતની છે રીતી
ધીરજ ધરોને ભગતો થાસે, સાહ્ય શ્રી અંબા સતી. અરે આ.

ગાયન ૧૧ રાગ હુંસણી કદી ચુકે નહી રે (૨) મોતીનો ચારોરે.

આરાસુરી કદી ચુકે નહીરે (૨) પાપીને મારેરે
માતુ શ્રી ઉભા ખડગ ઝાલી (૨) દૈતો સંહારીરે. આરાસુરી.
અંબામાડી, કેસરીસાડી, ફુલનો મંડપ, શોભે વાડી;
એવી છે અંબામા ભોળી (૨) એ માડી મારીરે. આરાસુરી.
ભગતો જનને સાહ્ય તું કરને, દુખડા હરને, સુખડા કરને. આરાસુરી.

ગાયન ૧૨ રાગ આરેનાજુકડે નાહેલીએ.

આજે આરાસુરમાં ચાલીએ, એરે સાક્ષાત મારી માએ;
દીલ લોભાવીઉંરે દીલ.
આરાસુરની અંદર પેઠું, હવે ન હૈયું બેસે હેઠું;
ઓ મારી દયાળી માંડી, તેતો ઉર અકળાવીઉરે. ઉર.
અંબામારા અંબાપ્યારા, અંબા ભોળા અંબા ગોરા
અંબા ચગતકારી, ચીત ડગાવીઉંરે. આજે.

ગાયન ૧૨ ડરમા તું દીલ સાથ

સેવો શ્રી અંબેમાત સજ્જન સૌ સેવો શ્રી અંબેમાત
માની કીર્તી છે પ્રખ્યાત. સજ્જન સૌ.
માડી હમારી, વાઘ સવારી, પગમાં ઝાંઝરવાળી છે સારી;
ઘણાક દઇતોને નાંખ્યા છે મારી, ઓવારણા લઉં હું વારીવારી.
સોભા અંબામાની છે અતી ભારી, (માના દરસણથી સૌને આણંદ થસે.)
સૌ નાચો થૈથૈકાર. સજ્જન સૌ.

માજી માયાળુ, દીલદયાળુ, ચાલો ચાલો હું આરાસુર આવું;
ત્હાં આવેથી માના મન ભાળું, માંન સરોવરની માહી નાહવું.
ચાલો ભાઇ ઝટ ત્હાંજ જાવું, (તેમાં નાહયેથી સર્વત્ર પાપ કપાઇ જસે)
જે બોલો સૌ આ વાર. સજ્જન સૌ.

ગાયન ૧૩ રાગ. સુંદીર શામળીયા

દેવી દીન દયાળ સેવકજનને, ઉગારો જાણી તમારા બાળ;
આ ભવ પાર ઉતારો દેવી
આરાસુરમાં અંબા બીરાજે, શીરપર સોનાનું છત્રજ છાજે;
માની આરતી થાય સવાર સાંજે, ત્હાં ગણા આવે ભગતરાજે.
કે છે તમારો બાળ. દેવી
માનસરોવર સુંદીર સોભે, મન મારૂ મા જોવાને લોભે;
મોટા મોટા મુનીશ્વર થોભે, માજી ઉગગણા ગોખે સોભે.
ગડગડ નોબતવાગે દેવી.

ગાયન. ૧૪ રાગ પ્રીય મુજ પ્રાણ છો વારીવારી

માજી મુખ જોઇને રાજી રાજી, સેવા કરૂ હું તારી માજી માજી,
આરાસુરી અંબામાજી નમુ છું, આજે માજી હું નમુ હાજી હાજી.

સાખી.

ચાચરચોક સોહામણો, સોભા અપરંપાર;
સોભા જોઇ હું રહયો, વંદુ હુ વારંવાર.

ચરણ કમળનો દાસ હું તારો, લીઓ દેવી ઉરધારો અરજી અરજી. માજી

ગાયન ૧૫ રાગ. ગાડી આવી ગુજરાત

જય જય બોલો નરનાર, અંબામાતી જય જય બોલો;
ગણા સેવક મળી સૌ સાથ,
હેતભરી સૌ જય જય બોલો.

સાખી.

વડુ દેરૂ અંબાતણું, આરાસુરની માય;
નમે માજીને હેતથી એ પાપી પાવન થાય. અંબામા.
માટે સરવે સેવકો, ધ્યાન ધરો આવાર.
ભુક ભગનો ઉગારીઆં, તેમ ઉગારે નીરધાર. અંબામા.
કરજોડી સેવક કહે, આરાસુરી મુજ માત;
લાડથી સરવે વીનવે, હવે ઉગારો સાક્ષાત. અંબામા.
લઘુ બાળકો તાહરા, વીનતી કરે છે ખાસ;
અમને માજી ઉતારજો, સંસાર રૂપી દરીએથી દાસ. અંબામા
ગણા રાક્ષસો મારીઆ, આરાસુરની માઅ;
રખડયા મુસ્તક કંધકના, ચાંચર ચોક છે ત્યાંઅ. અંબામા.
વાગે ઘંટ ઘડીઆળને આરતી, થાય તેજકાર;
લાડથી જગજીવન કહે કે, કેસવ ઉતારો પાર. અંબામા.

ગાયન ૧૬ રાગ. જાણી જાણી કળા ભાભી તારી.

જાણ્યા જાણ્યા અંબામાં મે મારા;
અંબામા અંબામા અંબામા અંબા. જાણ્યા.
જોઆ મેં જોઆ મેં જોઆ આરાસુરમાં. જાણ્યા.

૧૭ રાગ. જાઓ જટ હુઇઆના હાર

ચાલો સઉ ભગતો આવાર, અંબામાજીને દરબાર;
વેલા ચાલજો, જટ આવજો.

આરાસુરની મોઝાર. સેવક સૌ આરાસુરની મોઝાર. ચાલો.

(તમે આવસોજ ત્યારે સું નહી આવીએ)

વેલા આવશો તોજ ફાવશો.

ચાચર ચોકની માલ મીત્ર સૌ ચાચર ચોકની માલ. ચાલો.

ભાઇઓ પધારજો, દરશન આ વારજો.

મુખ છે નીરધારજો, માને ના વીસારીએ.

મીત્રો હવે જઇસું, ગુણ માના ગાઇશું.

દાસ એના થઇસું. ભગતી ના વિસારીએ. ચાલો.

ગાયન ૧૮ રાગ. થયાછોરે પતિ તેજ પ્યારી

જે બોલો શ્રી અંબાતણા દરસન કરતા આજે

દરશન કરતા, દુખ વીસરતા ધરતા માનુ ધ્યાન.

વેલા જાસું, સુખી થાસુ, ગુણગાસુ.

માત ચરણ આ ભગી હમારી, પ્રેમે પાય લાગું. જે બોલો

અંબામાંડી મેહેર કરીને પુરજો મનની આશ.

માજી મારા, દીસો ન્યારા, લાગો પ્યારા.

હે જગત જનેતા માડી અંબીકા, મેહેર કરો મા ખાસ. જે બોલો.

ગાયન ૧૯ રાગ. રે પીતાતણું સેવન કરણું

જે અંબામાનું પુજન કરવું, અંબા નામ ચીતમાં ધરવું;

આરાસુર કદી નહી વીસરવુ, જે અંબામાનું પુજન કરવું.

સાબાસ સર્વ ભગત છે વાણી સફળ.

વાણી સફળ સર્વ જનમ સફળ, જે અંબા માનું પુજન કરવું

ગાયન ૨૦ રાગ. મામાએ ક્રોધજ કીધો,

માજી વીનતી સ્વીકારો, અરજી દીલ આપ વીચારો;
સેવક કરશો નહિ ન્યારો જગમાત, જગમાત
માજી સુધારસો અમકાજ, રાખો મુજ લાજ
ક્ષમા દીલધારો. માજી

સાખી.

ભુલી ભુલી હુ ભવ ફર્યો, તારો દીન દયાળ;
ભવ સાગરમાં ટાળજો, આપ તણો છું બાળ.
છુ બાળ, લો સંભાળ, દુખ આ ટાળ, જગમાત જગમાત

સાખી.

નમી નમી કરૂ વંદના, અજર અમર છો આપ;
સુમતી માજી આપજો, હરકુમતી સંતાપ.
કુમતી સંતાપ. સુખ માજી આપ, દુખને કાપ, જગમાત જગમાત.

સાખી.

કુમ કુમ કેસર પુસ્પથી, નીત્ય કરૂં પુજાય;
ગુણ ગાઉ સેવા કરૂ, અમર કરજે કાય
કરો મા કાય, દુખ દુર થાય, સુખસદાય, જગમાત જગમાત.

ગાયન ૨૧ રાગ. પાટણના નૃપ નથી તુજ મહેલે

આરાસુરી અંબામા જેવી, નહી કોઇ ઉપકારી;
દીઠી મે દીઠી સુરત સારી, જરીની સાડી સોભે તારી.
વીનતી કરે છે નરનારી, જાઉ હુ તમપર બલીહારી. આરાસુરી.

માડી હું પશુ જેવો નાદાન, શુધ્ધમતી આપો મુજને જ્ઞાન;
સેવક સૌ ધરે તમારૂ ધ્યાન, કસ્ટ માજી નાખો નીવારી. આરાસુરી.
અંબા હવે મળ્યા મને સાક્ષાત, ભાગી ગઇ મુજ મન કેરી ભ્રાંત;
નમે સહુ સેવક મળી સંગાત ગાય ગુણ સૌ કોઈ નરનારી. આરાસુરી.

ગાયન ૨૨ રાગ. વાલા વેગે આવોરે.

સેવકો સૌ ચાલોરે, ભગતી દીલે લાવોરે, બીડુ સૌની ભાગવા હોજી
નહી આવો તો વાત થશે વીપરીત. સેવકો.
આરાસુરમાં બેઠા છો અંબા મુજ મંમાય,
ઘણા દઇત્યોને મારીયા ચાચર ચોક છે ત્યાંય;
અંબા મોરી માવડો લગી લળી લળુ પાય.
ભગતો સહુ ચાલોરે. બીડુ.
માન સરોવર સોભતું સોભા કહી નવ જાય,
નાહી ધોઇ પાવન થાઓ નીરમળ જળની માંય.
સેવકો સૌ ચાલજો આરાસુર છે ત્યાંય.
ધીરા વેગે ધાઓરે બીડું.

ગાયન ૨૩ રાગ. મુજમાત જાઉ હું

મુજમાત આવ્યો હુ સરણે આજ તમા......................રી.
આરાસુરી મોરી માત લીયો ઉગા...........................રી.
દયાળી. કૃપાળી.
અંબા મોરી માત લીઓ તમે તા............................રી.
મુજ માત. આવ્યો હું શરણે આજ તમા..................રી.

ગાયન ૨૪ રાગ. માહારાજ કુંવર આવો

એ અંબા મારા માજી, હમે શરણે તમારી;
કરૂણા કરીને તારો, એ ગાત હમારી.
કર નગન સીર નામી, ગુણ ગાઉ માજી આજ;
એ માજી મારા થઈને, રાખો સેવકોની લાજ.
રાખો લાજ, આવ્યા આજ, એ માજી હમે. એ અંબા

ગાયન ૨૫ રાગ. શું નટવર વસંત.

મુગટ માજી તણે શીર સોભી રહયો,
સોભી રહયો મન લોભી રહયો. મુગટ.

સાખી.

આરાસુર રળીઆગણું, સોભા અપરંગપાર;
સોભા તેની શી કહું, કેતા ના આવે પાર,
અંબામાજી રમે ચાચર ચોકમાં,
જેવો સુરજ ભાણુ સોભી રહ્યો. મુગટ.
બાહ્ય બાજુબંધ બેરખા, ઝાંજર છે પગ માંહ્ય;
સૈયરો સરવે મળી, લળી લળી ગરબો ગાય.
માજીનું ધ્યાન ધરો, સેવક જન તમે;
અરજ હમારી માંડી, ઉરમા ધરો. મુગટ.

ગાયન ૨૬ રાગ નીરબળ સતુ સબળ રાજપર.

અંબા માતા કરો સુખ શાતા, સેવકને સાહાય થાઓને;
દુખ હમારા કાપીને મા, આ ભવમાંથી ઉગારોને.
હું તો નમું છું મા પાય, માજી કરો તમે સહાય;
આવીને મા સેવક માડી, ગુણ તમારા ગાય.
અરજી હમારી સાંભળી માતા, સેવકને કરો સાય અંબા
હું તો નમુ દાડી દાડી, માજી જાઉં વારી વારી;
હરનીસ ભગતી કરૂ, માજી તારી તારી.
સેવક જનની રક્ષા કરજે, માજી સારી સારી. અંબા.

ગાયન ૨૭ રાગ દસતનધનકી કોનબડાઈ.

કેવી બની અંબામાજીની આંગી, દેખો સેવક ચીત ચટપટી લાગી. કેવી.
કરમાં હે કંકણ, બાંહે છે બાજુ, કાનમાં કુડલ વીંછવાને બાજુ' કેવી.
વાઘ ઉપરમાએ અસવારી કીધી, દશરથ વીદારી દેવોને સાથ દીધી. કેવી.
ખડગ ત્રીસુળ માએ કરમાં ઝાલ્યા છે, દેખી ભગત મન મોહી રહ્યા છે. કેવી.
અંબા માંડી સુખ કરનારી. ઓવારણા લઉ હું વારી વારી. કેવી.
દાસ સર્વેત્ર અરજ કરે છે, માજી તમારૂં ધ્યાન ધરે છે. કેવી.

ગાયન ૨૮ રાગ વારે વીધાતા ધન્ય છે ધન્ય છે (૨)

આરાસુરી અંબા માજીની મુરતી, (૨) કેવી દીસે તેજકાર;
ભાવ ધરીને ભગત સૌ આવે (૨) માજી તણા દરબાર.
પુરો ભાગ્યશાળી છું હું આવાર (૨) આરાસુરી અંબા.
ચાચરચોક અતી વીસાળ, દેખીને ભગતને આવે વાલ.
મુગટ સુંદીર સીરપર સોહે, કંઠે એકાવળ હાર;
કરજોડી સેવક જન કહે છે, કેતા ના આવે પાર. આરા.

ગાયન. ૨૯ એવીરે રંભા જાણી.

આરાસુરવાળી અરજ, સુણોને હમારી. આરાસુર.
સુંદીર મનોહર મુખડું માનુ, દીસે સુર્ય સમાન;
ચાચર ચોકમાં આપ બીરાજો, ધરી વાગનુ વાનરે. આરાસુર.
ગડગડગડગડ નોબત વાગે, ઉપરનો સરણાઇ;
તાલ પખાજ મ્રદંગો વાગે જોએ જોએ અંબામાઇ. આરાસુર.
ધાત્રુક દઇત્યને મારી નાંખી, કીધા આપથી દુર;
તે માટે સૌ દેવ દાસ થઇ, રે છે આપ હજુરરે. આરાસુર.
હુ પણ આવ્યો તારી હજુરે, મેર કરો મંગાચ;
સૌ ભગ્તોને બુધી આપી, કરજો તમે સહાયરે. આરાસુરી.
સકળ દેવમાં આપ ખરા છો, આદ્ય શક્તિ તું એક;
શરણે આવ્યાની લજા રાખે, એવી તારી ટેકરે. આરાશુર.

ગાયન ૩૦ રાંગ. ચાલો ચાલો હાંહાંરે ચાલો સાહેલી

ચાલો ચાલો હાંહાંરે ચાલો ચાલો, દેવી ભગ્ત આજ દરસન કરવાને
દરસન કરવાને પારે ઉતરવા, માની પારે જઇએરે
જઇએ સૌ સેવક જન સાથે, રંગે રમતા વાટ. દરસન
માનસરોવર સુંદીર સોભે, મંડપની રચના સારીરે
રચના સારી, નાકે વાળી, દીસે મા રઢીઆરીરે. દરસન
બાંઇા બાજુબંધ બેરખા સોભે, માએ પેરી કેસરી સાડીરે
કેસરી સાડી દીસે રૂપાળી, પેરી ચૌદ ભુવનની માડીરે. દરસન

ગાયન ૩૧ રાગ માર માર તરવાર

તાર તાર ભવપાર અંબા તારે તો તું
તારે તો તું મા ઉગારે તો તું   તાર તાર
વીનતી કરતા આવ્યા દુવારે, આ ભવપાર ઉતારે તો તું.   તાર તાર
આધ ભવાની માડી હમારી, અરજ ધ્યાને ધરે તો તું.   તાર તાર
કદી ભુલ ચુક હોય અંબા હમારી, બાળક જાણી માફી દીએ તો તું. તાર તાર
બીડ ભવાની ભાગો હમારી, વીનતી સ્વીકારે માતુ હો તું. તાર તાર

ગાયન ૩૨ રાગ. સીવાજી સુરવીર પ્યારા મારા

અંબા માડી મેર કરીને પુરજો મનની આસ
હોંસ ધારી માતા મારી, આવ્યા તારી પાસ.   અંબા
શેવક તારા જાણી માજી, ભગતોની કરવાર
મારો હાર, દુરટો આવાર.
પાપી લોકોનું મુળજ કાઢો. આ દુનીઆથી બાર.   અંબા

ગાયન ૩૩ રાગ આવો કુમ કુમના પગલે

આવો અંબાગા મારા. ચરણે લાગું હું તમારા
ભવ દુખ તમે હરનારા, સુખ સેવકને કરનારા.   આવો.
આરાસુરી મા મારી, હુ શરણે આવ્યો છું તમારી;
ભગતને લ્યો ઉગારી, માંડી છે આસ તમારી.   આવો.
ચાચર ચોક છે અતી સારો, મા બાળક કહે છે તમારો;
આ સેવક પાર ઉતારો, આ અરજ દીલમા ધારો.   આવો.

ગાયન ૩૪ રાગ પ્રીતીના પંથનો ગ્રંથ ગુંથેલો.

માજીના પંથનો ગ્રંથ છે મોટો, કોણ ભેદ જાણનાર;
સરવે સેવકો મળી ચાલો આજે, માજી તણા દરબાર.
આરાસુરમાં અંબા બીરાજે, એમાંનો મોટો ચમતકાર;
માન સરોવર સુંદીર સોભે, નાહો નીરમળ જળ મોઝાર.
દરવાજે ગઠગડ નોબત વાગે, કેતા ના આવે પાર;
કરજોડી સેવકજન કહે છે, સું કહું વારંવાર.

ગાયન ૩૫ રાગ. નાથ નવ કરો

માત દુખ હરો, સેવકના આ વારીરે;
પાપનીવાર, અતીઆવાર, છે નીરધાર, કહું આવાર,
નથી બચવાની બારીરે. માત.
ભગતો સૌ કરો, માજીની ભગતી ભારેરે;
અંબા માત, છે સાક્ષાત, એજ માત એજતાત.
તારસે અંબામાંડીરે, ભગતો.

ગાયન ૩૬ રાગ.બેડો બાઇ બુડતો તારોરે

અંબા માડી આસરો તારોરે, સેવક જણી પાર ઉતારોરે. અંબા.
દેવ તણા દુઃખ દુર કરવાને રૂધીર રાક્ષસોના પીધા;
ચંડ મુંડ જેવા દુરટ હણીને, પ્રાણ પલકમાં લીધા. અંબામા.
આ જગમા માડી છો તમે જાહેર, સઉ સેવક પાર ઉતારો.
આરાસુરી તને એક ચીતે નમીએ, અંબા ઉગારો કે મારો. અંબા.

ગાયન ૩૭ રાગ. પુનમચાંદની

જયજયજય બોલો ભક્તો, સરવે આજે ભાવથી રે;
ઘણા સેવકો મળીને, સહુ સાથ.
જીભથી સરવે આજે, ગાઇએ માના નામનેરે;
જયુ માન સરોવર, સુંદીર સોભે ત્યાંય.
નમીએ હેત કરીને, અંબા મોરી માવડીરે;

સાખી.

આજી સરવે સેવકો, નમન કરે આવાર;
ઘુંક દઇતો સંહારીયા, મા ભક્તો ઉતારો પાર;
કેઇક ભગત તમારાને, અવીચલ પદ આપીઆરે.
લાડથી સેવક સહુ, ગુણ તમારા ગાય;
લડયા દઇતોની સંગમાં, રણમાં સંહારીઆરે.

સાખી.

અજબ તારો ચમતકાર છે, દેવી તું સાક્ષાત;
ઘણા ભક્તોને તારીયા, સેવો શ્રી અંબેમાત.
રમતા ભક્તો મળીને, ચાચર ચોકમાંરે;
વાલુમાન સરોવર, સુંદીર સોભે ત્યાંય.
લાડથી નાહ ધુએ તો, જગોકે મા પાવન કરેરે;

ગાયન ૩૮ રાગ. કેરબો.

બાઇ હાથ મારો ઝાલ, આરાસુર જાવુંરે;
આરાસુર જાવુંરે, માન સરોવર નાવુંરે. બાઇ.

ટાંટીઆ મારા થાકી ગયા છે, આ વીસામો ખાઉં;
જો ગાડું કોઇ આવતું હોય તો, તેમાં બેસી જાઉં. બાઈ.

ગાયન. ૩૯ રાગ. આવસે લાવસે શ્રીહરી

ચાલજો, માલજો, અંબામાના ચોકમાં
હેમહાર, હીરચીર, પેરી બેઠા ગોખમાં. ચાલજો
ભગતો આરાસુરમાં, અંબામા બીરાજી
અંબામાજીને, છત્ર રહ્યું છે છાજી
ગડ ગડ ગડ ગડ, નોબતો રહી છે ગાજી. ચાલજો
ચાલો સેવક સૌ, આરાસુર ચાલી
ખુશી થાઓ સૌ, ચાચર ચોક માલી
રાજી થાઓ જોઇને, મા આરાસુરવાળી. ચાલજો

ગાયન. ૪૦ રાગ. આજે આણંદ આણંદ

માજી મહેર કરો સુખ કરો, પાપ હરો
માજી અરજી હમારી, ઉરમાંહી ધરો
દુખીઆના દુઃખ હરો, સેવકોને સાચ કરો
જેએ, જેએ, જેએ, જેએં. માજી
ભગતોની મા, ભીડ હરો
સેવકોને સાચ કરો, માજી ભવપાર ઉતારો
જેઓ, જેએ, જેએ, જેએ. માજી

ગાયન. ૪૧ રાગ નજર કરો નાથ જરા

મહેર કરો માત જરા, ઓળખી લ્યો દાસ
ઓળખી લ્યો દાસ, માજી ભગત તારા ખાસ. મહેર
આરાસુરમાં આપ છોને, અંબા મારા માજી
રાક્ષસોને રોળી નાખ્યા, તેથી સઉ રાજી
ચાચર ચોક આવીને, કીધો છે તે વાસ. મહેર

ગાયન ૪૨ રાગ. સાચો સ્નેહી સાંભળો

સાચા સ્નેહી કૃપાળી સુંદીર, આરાસુરની મા;
મહી તજે હવે હાથ, સાચા
સ્નેહામૃત તણું સરોવર, સુખનો સાગર:
જડીયો જીવની સાથ.
પ્રીતથી મનાવીને રાખું, માજીને ચીત સાથ. સાચા
હિત ધારી મોંથી ગાન, માના ગાય વારંવાર
અંબા નામનો ઉચાર, ઉરમાંહી તારતાર.
દુઃખ સર્વ કાપનાર, એજ તારનાર. સાચા
અંબાજીમાની કંઠે સોહેછે, ફુલનો સારો હાર
ચાંચર ચોકમાં માજી છે, એ માને તમો નર નાર. સાચા

ગાયન ૪૩ રાગ. આવા કામ અનેક કરાશું

ભાગો સરવે વેલા ચાલો, આરાસુરમાં જાઇને માલો,
બીજને રોકી કોઇ નહીં હાલો, ચાચર ચોક ચાલો વેલા ચાલો.
ચાલવું હોય તો વેલા ચાલો, ઝટ જાઇને અંબાને નીહાલો. ભગતો.

ગાયન ૪૪ રાગ. તું સાંભળ ઇશ્વર મારી

તમે સાંભળો સેવક સઉ આજે, અંબા આરાસુરમાં બીરાજે. તમે.
માનો ચાચર ચોક અતી સારો, તે ભક્તોને લાગે પ્યારો;
માને સોનાનું છત્રજ છાજે; અંબા આરાસુરમા બીરાજે. તમે
માનુ માનસરોવર સોભે, માનો મંડપ જોવા મન લોભે;
માને સીખર સોનાનું ગાજે, અંબા આરાસુરમાં બીરાજે. તમે
હું ગયો આરાસુર ચાલી, મા બેઠા છે ખડગ ઝાલી;
ગડગડ નોબત અતીશે ગાજે, અંબા આરાસુરમાં બીરાજે. તમે

ગાયન ૪૫ રાગ. શ્રીહરી જેહેનો સ્વામી

અંબા જેવી જેને માઉ, કો તેને સી કમીના હાઉ;
અંબા સેવીને શાને શઉ, ના સેવે તે સમજે પાઉ.
આરાસુરેની અંબા ના સેવે, તેને ના સમજે સુગાઉ;
એવા નાદાન લોફર લોકો,, બોલે છે સુગાઉ,
એ સાંભળી ગયો હું લાઉ. અંબા.
આરાસુરમાં બીરાજે, અંબા મારા માઉ;
વાણી વદતા માત તણી તાં, ભક્તો સરવે ગાઉ.
પેશી માસ્તર ગયા હોય તે, જોઇ બોલતા જાય લાઉ;
અંબા જેવી જેને માઉ, કો તેને શી કમીના હાઉ.

ગાયન ૪૬ રાગ. વાહ મળ્યાં સંકટ હરણ

જેને જોઆ સંકટ હરણ, ગંન હગ્ણમાત,
તેના ફળ્યા આ ભવ પરભવ, પુરવેના ભવ સાત.
દીઠા અંબામાત. એ દેવી છે સાક્ષાત   જેનેજોઆ.
માત આરાસુરી, એ માંડો માહરી જેએ જેએ જેએ;
સ્થળમાં જળમાં.   જેનેજોઆ.

ગાયન ૪૭ રાગ પ્રેમનો કોલ દીઓ રાજકુમાર.

પ્રેમથી ચાલો આરાસુર મોઝાર, માજી રહ્યા વસ્યા નીરાધાર;
મારા રસીયા ભક્તો આવાર.   પ્રેમથી.
સર્વે ચાલો પ્રેમથીરે, થઇ સદાના દાસ,
માજી બેઠાં ગોખમાંરે, દરશન કરવા ખાસ.   પ્રેમથી.
માન સરોવર સોભતુરે, સોભા અપરંમપાર:
નાહી ધોઇ પાવન થાઓરે, નીરમળ જર મોઝાર.   પ્રેમથી.

ગાયન ૪૮ રાગ. પોતાજી આ કોપ તમે શે કર્યો.

માતુશ્રી આ કોપ તમે શે કર્યો, સંસાર રૂપી દરીયામાં શીદને ધર્યો
સંસાર છે ખારામાં ખારો અતી, મને સારૂ સુંઝે એ આપો મતી.
તમે છો પીતાને તમે છો માતા, તમ વીણ કરે કોણ સુખ શાંતા.
મારે મેર કરીને ઉગારો મુને, તમે મારી માતા છો તારો મુને.

ગાયન. ૪૯ રાગ. એ—માથે મટુકી લેઇ જાઉં.

જે—અંબામાજીના ગુણ ગાઉં, આજ હેતે આરાસુરમાં જાઉં. જે.
માજી બેઠા ચાંચર ચોકમાં, માજી બેઠા આથમણા ગોખમાં;
ભક્તી કરીને રીઝાવું, જે—અંબામાજીના ગુણ ગાઉં.

ગાયન ૫૦ રાગ. પુર્ણ થયો છે ખેલ

જયઅંબે મુજ માત આરાસુરી જય અંબે મુજ માત (૨)
ગણા ભક્તો મળીને-માજી, ભજન કરે મુજમાત. આરાસુરી.
જીભથી સરવે ગાઇએ છે મા દરશન દયો સાક્ષાત. આરાસુરી.
વડો દરબાર સોભે તારો, આરાસૂરમાં માત આરાસુરી.
નમીએ હેત કરીને માજી, કૃપા કરો મુજ માત. આરાસુરી.
માટે મેહેર કરીને સૌને, ઉગારો સાક્ષાત. આરાસુરી.
એક ભક્તો આપે ઉગાર્યા, તેમ ઉગારો માત. આરાસુરી.
કહે કરજોડીને ભક્તો માજી ભાગો મનની ભ્રાંત. આરાસુરી.
લાડ કરીને ભક્તો આજે, ગુણ ગાએ મુજ માત. આરાસુરી.
લજવઇને સેવક સૌ કહેછે, દરસન દો દીન રાત. આરાસુરી.
અજબચમતકાર તારો દીસે, દરસન દો મુજમાત. આરાસુરી.
ગણા ભગતો મળીને માજી, કરે વીનતી કરી ખાંત. આરાસુરી
રમતા સૌ સેવકો આવી, ચાંચર ચોકમાં માંત આરાસુરી.
વાગે ગંટ ને નોબત માની, આરતી થાય સાક્ષાત. આરાસુરી.
લાડથી જગજીવંન કહે છે, સકરો સેવે દીન રાત. આરાસુરી.

ગાયન ૫૧ રાગ આરતી.

જયઅંબે મુજ માત, આરાસુર વાળી મા.
ગણુતા ગુણુજતારા, જાઉ બલીહારી જયોજયો મા જુગતઅંબે.
જીવ્યાથી સરવે આજે, ગુણુતારા માતા મા.
વરદાન સરવને આપી, કરો સખશાંતા જયો.જયો..

નમો લોક મા કેઈ, પાપ કર્યા ભારી   મા.
માટે મેર કરીને કાપો, કરટો નીવારી. જયઓજયો
ભુક્ત ભગતો આવી, ગુણ તારા ગાતા.   મા.
કહે છે કરજોડીને, કરૂણા કરો માતા. જયઓજયો.
લાડ કરીને ભગતો, ગુણ તારા ગાજો.   મા.
લજવાઈને હું કહું છું, પાપ સરવ જાયે જયોજયો.
અજબ તારો ચમતકાર, સરવેજન કહે છે.   મા.
ગણી મેરબાનીથી, દરશન તું દે છે. જયોજયો.
રમતા સૌ ભગતો આરાસુર આવી.   મા.
વાગે ઘંટને નોબત, આરતી થઈ મન ભાવી. જયોજયો.
લાડથી કેશવ આજે, ગુણ તારા ગાતા.   મા
કંદોઈ બીજા જગાને કરો સુખસાંતા. જયઓજયો.

સમાપ્ત.

